ગાંધીનગર સમાચાર

શહેરમાં કડવા લીમડાના બાર હજાર લીટર રસનું રસપાન

## @ગાંધીનગર

● ચિલોડા ખાતે મંગળવારના રોજ સાંજે ૮.૦૦ કલાકે કોંગ્રેસ દ્વારા જલયાત્રા યોજાશે.

● સેકટર-૧૫ સરકારી વિનય કોલેજ ખાતે સવારે ૮.૦૦ કલાકે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે.

# સે-પમાં સીએનજી પંપ પર કાર ઓફીસમાં ઘુસી ગઈ...!

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-પ ખાતે આવેલા સીએનજી ફીલીંગ સ્ટેશનમાં આજે બપોરના સુમારે અજીબો ગરીબ ઘટના બનવા પામી હતી. જેમાં વાહન ચાલકે કારમાં ગેસ પુરાવ્યા બાદ કાર રીવર્સ લેતા કાબુ ગુમાવતા કાર સીએનજી પંપની ઓફીસનો કાચ તોડી અડધી અંદર ઘુસી ગઈ હતી. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈને ગંભીર ઈજા થવા પામી નથી પરંતુ કાર અને ઓફીસને નુકશાન થવા પામ્યું છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દાયકામાં કારની સંખ્યામાં ઘણો વધારો થવા પામ્યો છે. કાર ચાલકો બેફામ ગતિએ કાર હંકારતા હોવાથી શહેરમાં કાર અકસ્માતની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. શહેરમાં કાળઝાળ ગરમી વરસી રહી છે નગરના પેટ્રોલ પંપ તેમજ સીએનજી પંપ ખાલીખમ ભાસે છે. ત્યારે આજે શહેરના સીએનજી ફીલીગ સ્ટેશન પર વિચિત્ર અકસ્માત થવા પામ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ આજે બપોરના સુમારે હયુન્ડાઈ કંપનીની ઈયોન કાર સીએનજી પંપ પર ગેસ પુરાવા માટે આવી હતી. ગેસ પુરાવ્યા બાદ ચાલકે રીવર્સ કાર લેતી સમયે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર ૨૦ ફુટથી વધુના અંતરે આવેલી ઓફીસના પગથીયા પર ચડી ગઈને ઓફીસનો કાચ તોડીને અડધી અંદર જતી રહેતા હોહા મચી જવા પામી હતી. અકસ્માત સર્જાતા ઓફીસના હાજર કર્મીઓ પણ દોડીને બહાર આવી ગયા હતા. સીએનજી પંપ પર હાજર કર્મીઓ કંઈ પણ વિચિત્ર અકસ્માત જોઈ દંગ રહી ગયા હતા. સીએનજી પુરાવા માટે આવેલા અન્ય વાહન ચાલકોમાં પણ અડધી અંદર ઓફીસમાં ઘુસેલી કાર જોઈને વિચારમાં પડી ગયા હતા. સે-પ પંપ પર અકસ્માતની જાણ થતા ઉચ્ચ અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. કારને મહામુસીબતે બહાર નીકાળી હતી. અજીબો ગરીબ કિસ્સામાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી પરંતુ ઓફીસ અને કારને ભારે નુકસાન થવા પામ્યું હતું. આ અંગે સીએનજી પંપ પર હાજર કર્મીઓએ અકસ્માતને લઈ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો હતો.



(તસવીર : કશ્યપ નિમાવત)

## પાઠય પુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં એસોસિએશનના પ્રમુખ તરીકે પ્રવીણ પી. નાયક અને મહામંત્રી તરીકે ચીમનલાલ એમ. રાજગોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તેમજ ગત ૨૧ એપ્રિલના રોજ કારોબારી સમિતિની રચના કરાઈ હતી. કર્મચારી એસોસિએશનના ઉપપ્રમુખ પદે રાજેશ નાયક અને ડૉ. કમલેશ પરમાર, સહમંત્રી પદે ધીરેન રાવલ, જે.કે. ગામીત અને ખજાનચી પદે વી.બી.લાવંત્રાની વરણી કરવામાં આવી હતી તથા કારોબારી સભ્યો તરીકે તારાબેન ડામોર, કે.બી. પટેલ, પી.એન. રાવલ, જી.બી.ચંપાવત, પ્રજ્ઞાબેન પરમાર, આર.એસ. પ્રજાપતિ, સી.વી. રાઠોડ, કે.સી. પરમાર, જે.કે. ઝાંપડીયા તેમજ ઈનાબેન મકવાણા સહિતની વરણી કરી કારોબારી સમિતિ રચવામાં આવી હતી.

# શુભ-લાભ આવાસમાં બે દિવસથી વસાહતીઓનો પાણીનો પોકાર

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા તૈયાર કરાયેલા નવનિર્મિત શુભ લાભ આવાસ યોજનામાં રહેતા વસાહતીઓ છેલ્લા બે દિવસથી પાણી માટે વલખા મારી રહ્યા છે. મોટર બગડી હોવાથી પાણી ન મળતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ગુડામાં જાણ કરી હોવા છતા મોટર રીપેર કયારે થશે અને પાણી કયારે મળશે તેની રાહ જોતા વસાહતીઓ બેઠા છે.

ગાંધીનગર-કોબા માર્ગ પર રાયસણ ગામની સીમમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શુભ લાભ આવાસ યોજના તૈયાર કરાઈ છે. આ યોજનામાં ત્રણ માળની ઈમારતમાં ૩૨ મકાનો આવેલા છે. તેવા ૧૧ બ્લોક તૈયાર કરાયા છે તાજેતરમાં જ પ્લોટ નંબર-૩૫૨ના પ્લોટ ધારકોને મકાનો

**ઉનાળાના પ્રારંભે જ પાણી ના મળતા વસાહતીઓમાં કચવાટ**

આપવામાં આવ્યા છે. આ મકાનોમાં કેટલાક રહીશો વસવાટ કરે છે જયારે કેટલાક ને મકાન ધારકોને મકાનનો કબજો લેવાનો પણ બાકી છે. ત્યારે ઉનાળાના પ્રારંભે શહેરમાં સતાવે છે તેવો પાણીનો પ્રશ્ન ત્યાં પણ ઉઠવા પામ્યો છે. અટલ આવાસ નગરમાં પ્લોટ નં-૩૫૨માં છેલ્લા બે દિવસથી પાણી ના આવતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. પાણી અંગે તેમણે ગુડામાં પણ રજુઆત કરી છે. પાણીના આવતા સવારથી જ દૈનિક ક્રિયામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વસાહતીઓનું કહેવું છે કે મોટર બગડી હોવાથી પાણી મળતુ નથી પરંતુ આ મોટર કયારે રીપેર થશે..અને અમને કયારે પાણી મળશે તે અંગે કોઈ પણ કંઈ પણ કહેવા તૈયાર નથી ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે પાણી વગર કેમ ચલાવું તે એક પ્રશ્ન અમારી સામે ઉભો થયો છે. નવનિર્મિત ગુડાના આવાસની સ્કિમમાં જ શરુઆતમાં જ પાણીના પોંકાર ઉઠતા અન્ય મકાન ધારકો પણ ચિંતિત જણાયા છે. અત્યારે હાલ તો સ્થાનિકો પોતાના સગા સ્નેહીજનોના ત્યાં ગયા છે. પરંતુ ગુડામાં રહેતા વસાહીતઓ અત્યારે હાલતો પાણી વિના ટળવળી રહ્યા છે.

## ગરમાળાના પીળા ફુલોએ શહેરનું સૌંદર્ય નિખાર્યુ

(તસવીર : કશ્યપ નિમાવત)





'ફુલ જયારે સવારમાં જોયા,
મહેંકના બસ પ્રચારમાં જોયા,
એજ તોરણને રાખે લીલાંછમ,
દ્વાર જે આવકારમાં જોયા.'

કવિ ગૌરાંગ ઠાકરની આ પંકિતઓ હાલ ફુલોની નગરી ગાંધીનગરને તદ્દન બંધબેસતી જણાય છે. નગરના પ્રવેશદ્વારથી માંડીને અંદરના તમામ રસ્તે પીળા રંગના નયનરમ્ય ફુલો સાથે ગરમાળાના વૃક્ષો એવા નિખર્યા છે કે જાણે પાનખરમાં વસંત આવી. ધોમધખતા તાપમાં ઉડતી ધૂળથી રંગવિહિન બની રહેલા દશ્યોમાં ખિલેલા ગરમાળાનો પીળો રંગ ઉડીને આંખે વળગે તે રીતે ઉપસી આવે છે. ગાંધીનગરને સાચા અર્થમાં 'ફુલોના શહેર' તરીકે પ્રસ્થાપિત કરવા વનવિભાગ દ્વારા રંગબેરંગી ફુલો આવે તેવા વૃક્ષોનું દોઢ દાયકા દરમિયાન વાવેતર કરાયું છે. જેમાં પાનખરમાં ખિલી ઉઠતા પીળો ગરમાળો અને લાલ ગુલમહોર શહેરને એક નવું જ સૌંદર્ય પ્રદાન કરી રહ્યાં છે.

## રીક્ષા ચાલકે પૈસા ન આપતા પોલીસે લાયસન્સ પડાવી લીધું..!

ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમનના નામે મીંડુ છે. છેલ્લા કેટલાક સમથી હેલમેટ ના કાયદાનો કડક અમલ કરાવી પોલીસ તંત્ર એ ટ્રાફિક નિયમન માટે નગરજનોને ફરજ પાડી તે આવકાર્ય છે. પરંતુ ટ્રાફિક નિયમનના નામે નિર્દોષ નાગરિકોને પોલીસ તંત્ર દ્વારા કનડગત કરવામાં આવતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. શાહપુર ચોકડી પાસે જતા રીક્ષા ચાલકને અટકાવી ટ્રાફિક જમાદારે પૈસાની માંગ કરી હતી પરંતુ પૈસા ન આપતા જમાદારે સીફતાઈપૂર્વક તેનુ લાયસન્સ પડાવી લેતા રીક્ષા ચાલક કરગરી કરગરીને થાકી ગયો પણ જમાદાર એકનો બે ન થયો અને આખરે રીક્ષા ચાલક નિરાશ થઈ રવાના થઈ ગયો હતો.

રીક્ષા ચાલક મોતીભાઈ રાજાભાઈ રાઠોડે પોતાની રજૂઆતમાં કરેલ રજુઆત મુજબ હું છેલ્લા ૨૫ વર્ષથી ઓટો રીક્ષા ચલાવી ગુજરાન ચલાવું છું. અને શનિવારે રીક્ષાચાલક મોતીભાઈ સવારે સે-૩૦માંથી ૩ પેસેન્જરને રીક્ષામાં બેસાડી અમદાવાદ નારણપુરા જઈ રહ્યા હતા ત્યારે ધોળાકુવા સર્કલ પાસે ટ્રાફિક પોલીસ કર્મીએ રીક્ષા અટકાવી અને ચાલકને સાહેબ પાસે જવાનું કહ્યું હતું આથી રીક્ષાચાલક મહેન્દ્રભાઈ પરમાર પાસે ગયો હતો જયાં પોલીસે રૂ. ૧૦૦ આપો એમ કહેતા ચાલકે કહ્યું કેમ મારી પાસે તો બધા પુરાવા છે. ત્યારે દસ્તાવેજ બધા પાછા આપી લાયસન્સ લઈ લીધું અને પોલીસે તે લાયસન્સ પરત ન કરતા રીક્ષાચાલકે જિલ્લા પોલીવડાને અરજી કરવા જણાવ્યું હતું. આથી પોલીસ કર્મીએ જે કરવું હોય કર, જે ભડાકા કરવા હોય તે કર એમ કહી તેને તગેડી મુકયો હતો અને આખરે પોલીસની આ બાબતની રજૂઆત કરી હતી.

## વાતવાતમાં

● મહાનગર પાલિકાની ચુંટણીઓ પુરી થઈ જતા દિવસ રાત ધમધમતા રાજકીય પક્ષોના કાર્યાલયો એકાએક શાંત પડી ગયા છે. દરેક પક્ષના કાર્યકર્તાઓએ આજે આરામ ફરમાવ્યો હતો. પરંતુ સાથો સાથ પરિણામો અંગેની ચિંતા તેમને કોરી ખાતી હતી.

● અગ્રિમ હરોળના નેતાઓ શહેરમાં ઓછા મતદાનથી ચિંતિત બન્યા છે. હવે આ મતદાનના આધારે પરિણામોમાં કેવા સમીકરણો બેસી શકે તેવી શકયતાઓ અંગે ચર્ચા વિચારણા કરી મનપાની સત્તા હસ્તગત કરવા કેવી રણનીતિ અપનાવવી પડશે તેના વિકલ્પોની વિચારણા પણ હાથ ધરી હતી.

● દિવસભર શહેરમાં પાનના ગલ્લેથી માંડીને ચાની કિટલી સુધી ચુંટણીના પરિણામો અંગે તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે. મતદાનની પેટર્ન અને મતદાતાઓના અકળ મૌનના કારણે આશ્ચર્યજનક પરિણામો આવવાની શકયતાએ નગરજનોમાં ભારે ઉત્સુકતા જગાવી છે.

● ચુંટણીમાં પોતાની જીત માટે થોડા ઘણા આસ્વત ઉમેદવારોએ પોતાના વિજય સરઘસ માટે ઢોલ નગારા સહિત ફટાકડા સુધીની તૈયારીઓ કરી રાખી છે. રખેને હારી જઈએ તો બધા મજાક ના બનાવે તે હેતુથી આ તૈયારીઓ તેમણે ખાનગી રાખવાનું મુનાસિબ માન્યું છે.

## પાક ગાયક રાહત ફતેહ અલી ખાનના કાર્યક્રમનો વિરોધ

અમદવાદ,તા. ૨૫

અમદાવાદ શહેરમાં ૩૦મી એપ્રિલના દિવસે યોજાનાર પાકિસ્તાની ગાયક રાહત ફતેહ અલી ખાનના કાર્યક્રમને લઈને વિરોધની શરૂઆત થઈ ગઈ છે. જેથી તેમના કાર્યક્રમને લઈને અડચણો શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાની ગાયક રાહત ફતેહઅલી ખાનના કાર્યક્રમનો ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે. આજે શિવસેના દ્વારા શાહિબાગ અંડરબ્રિજ ખાતે રાહત ફતેહઅલી ખાનના હોડિંગ્સ ફાડી વિરોધ કરવામાં આવ્યો હતો. શિવસેનાએ કાર્યક્રમ રદ કરવા સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.છેલ્લા ચાર દિવસથી અમદાવાદમાં જુદી જુદી જગ્યાએ રાહત ફતેહઅલી વિરુદ્ધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. શિવસેનાએ જણાવ્યું હતું કે, તેમનો કાર્યક્રમ રદ નહીં કરાય તો રાહત ફતેહઅલી ખાનને અમદાવાદમાં ઘૂસવા દેવામાં નહીં આવે. આ પછી કોઈ હુમલો થાય તો તેની જવાબદારી આયોજકોની રહેશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ગુલામ અલી, આતિફ અસલમ જેવા પાકિસ્તાની કલાકારોનો વિરોધ થઈ ચુક્યો છે

# સમર ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ થકી વિદ્યાર્થીઓ વેકેશન ઉજાળશે

### કેપિટલ ફર્સ્ટ તેમજ મેકસ લાઈફ ઈન્શ્યોરન્સમાં બીબીએ કોલેજના ૮૦ વિદ્યાર્થીઓનું સમર ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન કોલેજના તૃતીય વર્ષમાં આવનાર ૮૦ વિદ્યાર્થીઓની સમર ઈન્ટર્નશીપ માટે પસંદગી પામશે. વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપમાં ઉનાળાના વેકેશનમાં પ્રેકટિકલ જ્ઞાન સાથે માતબર સ્ટાઈપેન્ડ મેળવશે અને આ ૩૦ દિવસમાં તાલીમ મેળવી તેઓના વેકેશનનો સદુપયોગ કરશે. વિદ્યાર્થીઓ આ ૩૦ દિવસની ઈન્ટર્નશીપ દરમિયાન વિમા ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે કઈ પ્રકારની નીતીનું અમલીકરણ થઈ રહ્યું છે. તેમજ વીમા ક્ષેત્રનાં વિવિધ પાસાઓ સમજી સામાન્ય ઉપભોકતાને તેના વિષે સાચી સમજ આપશે.

સાંપ્રત સમયમાં જનમાનસ પર વીમા બાબતે અનેક ભ્રાંતિ જોવા મળે છે ત્યારે વીમા બાબતે લોક જાગૃતિ અનિવાર્ય છે. ત્યારે મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ માટે બીબીએ કોલેજ કેમ્પસ ખાતે





આવી હતી. રવિ જૈન આસી. વાઈસ પ્રેસીડેન્ટ ફર્સ્ટ, તપન શર્મા રીલેશન શીપ મેનજેર, યજ્ઞાંશભાઈ સેલ્સ મેનજેર, અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ તરફથી ડૉ. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને તેઓનો પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ સોની-એજન્સી ડેવલોપમેન્ટ મેનેજર (મેકસ લાઈફ ઈન્શ્યોરન્સ-ગાંધીનગર) રુચા રૂપારેલ-એડવાઈઝર, ગાંધીનગર તેમજ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ માટે સુસજ્જ કરવા યોગ્ય તાલીમ આપી હતી. કંપની દ્વારા વિદ્યાર્થીઓને પસંદગી બાદ ત્રણ દિવસ તાલીમ આપવામાં આવશે. જેમાં નાગરિકો વીમા બાબતે જાગૃત થાય તેનું મહત્વ સમજે તેમજ તેઓના ભાવિ આર્થિક પ્લાનિંગ બાબતે તેમજ વીમા કવચ થકી પરીવારની સુરક્ષા જેવા પાસાઓ ઉંડાણપૂર્વક સમજશે. બીજી ફાઈનાન્સ ક્ષેત્રની અગ્રગણ્ય કંપની કેપિટલ ફર્સ્ટ પણ આજે વિદ્યાર્થીઓની પસંદગી માટે આવી હતી. કેપિટલ ફર્સ્ટ વિવિધ પ્રકારે લોન આપી પોતાનો વ્યવસાય કરી રહી છે. માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝનો ક્ષેત્રના વિકાસ આધાર આપવા માટે ઋણ મૂડી અને સેવાઓ સાથે તેઓ હાલમાં લોન, મિલકત, ડયૂરેબલ લોન વ્યકિત લોન અને બિઝનેસ લોન, ટૂ વ્હીલર લોન, ગોલ્ડ લોન અને બીજા અનેક ક્ષેત્રે લોન આપી મધ્યમકદના વ્યવસાયીઓને મદદરૂપ થાય છે. ૦ ટકા વ્યાજ અને ઓછા ડાઉન પેમેન્ટ, સરળ ચુકવણી વિકલ્પો, ન્યુનતમ દસ્તાવેજીકરણ, તત્કાલ મંજૂરી, કોઈ સિકયોરિટી ડિપોઝીટ નહીં જેવા અનેક પાસાઓ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ દરમિયાન સમજાવવામાં આવશે. જેથી કોઈ પણ ધિરાણ મેળવવા ઈચ્છતી વ્યકિત તેનો લાભ મેળવી શકે. કંપની દ્વારા ૧૪,૦૦૦ના માતબર સ્ટાઈપેન્ડ સાથે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી જે કોલજે માટે ગૌરવની બાબત છે. કુલ ૧૨૦ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવાયા જેમાંથી ૮૦ની પસંદગી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની માર્કેટીંગ, ફાઈનાન્સ, એચ.આર. જેવા ક્ષેત્રો માટે પસંદગી થઈ હતી.

કોલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ તેમજ પ્રો. આશિષ ભુવાએ કોલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## 'ત્રિદલ'ની એપ્રિલની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય 'ત્રિદલ' સંસ્થાની એપ્રિલ માસની બેઠક તા. ૨૪મી એપ્રિલના રોજ નમન એપાર્ટમેન્ટમાં યોજાઈ હતી.

બેઠકમાં ગુજરાતી ભાષાના મુર્ધન્ય વાર્તાકાર એવા ધુમકેતુની 'વિનપાત' વાર્તાનું ભાવવાહી વાચન કરવામાં આવ્યું હતું. જાણીતા કવિ પ્રા. પુરુરાજ જોશીની ખુબ જ ગમતી ગઝલ તમને મળ્યા પછી તથા ગીત 'કૂણા આઘાતનું ગીત'નો આસ્વાદ પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીએ કરાવ્યો હતો.

ઉપસ્થિત સર્જકો પૈકી શ્રી રમણલાલ શ્રીમાળી, શ્રી સુમંતભાઈ શાહ, સુ. સ્વાતિ શુકલએ મૌલિક ગીત રચનાઓ તથા ગઝલ રજુ કર્યા હતા.

# શહેરમાં કડવા લીમડાના બાર હજાર લીટર રસનું રસપાન



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૬ના રહેવાસી જોશીદાદા દ્વારા છેલ્લા પચ્ચીસ વર્ષથી નગરમાં નિઃશુલ્કપણે નીમરસ (કડવો લીમડો)નું વિતરણ કરવામાં આવી રહ્યું છે. નિઃશુલ્ક નીમરસ વિતરણ સેવાને પચીસ વર્ષ પૂર્ણ કરાતા આ રજત જયંતિ નિમિત્તે ગાંધીનગરમાં બાર હજાર લીટર રસનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું.

દર વર્ષની માફક આ વર્ષે પણ જેઓ રસ લેવા ન આવી શકે તેમના માટે ગાંધીનગરમાં નીમરસ વિતરણ માટે પેટા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. સેકટર-૨, ૩, ૪, ૫, ૭, ૨૧, ૨૭, ૨૪-ચોકડી, ચ-૦, સરગાસણ અને વાવોલ સહિતના સ્થળો પર પેટા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા.

આ પેટા કેન્દ્રો ઉપરથી રોજ સવારે ૭૫૦ લીટર રસનું વિતરણ કરાતું હતું. સવારના ૭.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન પેટા કેન્દ્રો પર લાંબી કતાર લાગી જતી હતી. આ નીમરસ વિતરણના કેન્દ્રો પર બાળકો નીમરસ પીવે તો તેમને ચોકલેટ પણ આપવામાં આવી હતી. જેથી બાળકો હોંશે હોંશે નીમરસ પીતા નજરે પડતા હતા. આ નિઃશુલ્ક પણે નીમરસ વિતરણ સેવામાં અનિલભાઈ જોશી, જયંતિભાઈ વધાસીયા, જીતેનભાઈ દેસાઈ, જયમીન વૈદ્ય,



નીલેન્દુ વોરા, હરેશ મોદી અને જોશીદાદાના પરિવાર સહિત સૌએ આ સેવા કાર્યમાં નિઃસ્વાર્થ જોડાઈ સેવા કરી હતી.

## સે-૧૧ કલેકટર કચેરીમાંથી એકસેસ ચોરાયું

શહેરના કલેકટર કચેરી સંકુલમાંથી આજે સવારે કોઈ અજાણ્યો ચોર ઈસમ પાર્કીંગમાં મુકેલ એકસેસ વાહનની ચોરી કરી પલાયન થઈ ગયો હતો જે મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વાવોલ ગામે રહેતા મુકેશભાઈ મહેશભાઈ મોદી આજે સવારે પોતાનું દ્વિચક્રી વાહન એકસેસ નં. જીજે ૧૮ બીલી ૮૦૧૫ લઈ ગાંધીનગર કલેકટર કચેરી ખાતે આવ્યા હતા. જયાં વાહન પાર્કિંગમાં મુકી પોતાના કામ માટે કચેરીમાં ગયા હતા. થોડા સમય બાદ કામ પતાવી પરત પોતાના વાહન પાસે આવ્યા હતા. પરંતુ પાર્કિંગ સ્થળ પર વાહન નજરે ન પડતા તેઓએ આસપાસમાં શોધખોળ હાથ ધરી હતી. તેમ છતાં વાહન ન મળતા આખરે સેકટર-૭ પોલીસ મથકમાં વાહનચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જેના આધારે પોલીસ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

● સ્વ. રબારી હરજીભાઈ ગાંડાભાઈ, ઉ.વ. ૭૦

● સ્વ. ગાંડાજી બબાજી ઠાકોર, ઉ.વ. ૬૪